જિલ્લા અને સત્ર ન્યાયાલય,
અઠવાલાઈન્સ, સુરત.
(ગુજરાત) – ૩૯૫ ૦૦૭.

એસ.ટી.ડી.કોડ : (૦૨૬૧)
ઈપીએબીએક્સ : ૨૬૫૧૮૦૫–૬–૯–૧૧
ફેક્સ : ૨૬૫૧૮૦૨–૦૪
ઈ–મેઈલ : dcourt-sut@gujarat.gov.in

વંચાણે લીધો : ૧. નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા ધ્વારા રીટ પીટીશન(સીવીલ) નં.૫૩૪/૨૦૨૦નાં કામે તારીખ ૧૬/૦૩/૨૦૨૧ તથા ૧૬/૧૧/૨૦૨૧નાં રોજ કરવામાં આવેલ હુકમ.
૨. જિલ્લા ન્યાયાલય, સુરતનો તારીખ ૨૪/૧૨/૨૦૨૧ કચેરી આદેશ નં.૧૭૮૧/૨૦૨૧.

*************************

## કચેરી આદેશ નંબર ૧૫૬ સને ૨૦૨૨

નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા ધ્વારા રીટ પીટીશન(સીવીલ) નં.૫૩૪/૨૦૨૦નાં કામે તારીખ ૧૬/૦૩/૨૦૨૧નાં રોજ કરવામાં આવેલ હુકમમાં જણાવેલ સૂચનાઓને ધ્યાને લઈ અત્રેની કચેરી ધ્વારા આમુખ નં.૨ થી વંચાણે લીધેલ કચેરી આદેશથી એમ.એ.સી.પી.નાં કેસો દાખલ કરવા તથા એમ.એમ.સી.પી.નાં પેમેન્ટ બાબતે જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ હતી. સદર બાબતમાં નીચે મુજબની વધારાની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવે છે :–

૧. જિલ્લા ન્યાયાલય, સુરતનાં આમુખ નં.૨ થી વંચાણે લીધેલ કચેરી આદેશનાં પેરા નં.૩ માં નીચે મુજબની સૂચના આપવામાં આવેલ છે :– .

" ૩. સંબંધિત પક્ષકાર/ઈન્સ્યુરન્સ કંપની ધ્વારા એવોર્ડની રકમ એમ.એ.સી.ટ્રીબ્યુનલનાં નીચે જણાવેલ બેંક એકાઉન્ટમાં RTGS કે NEFT મારફત જમા કરાવવાની રહેશે અને તેની જાણ એમ.એ.સી.ટી. શાખા, જિલ્લા ન્યાયાલય, સુરતને ઈ–મેઈલ આઈ.ડી. **dcourt-mact-sut@gujarat.gov.in** ઉપર આ સાથે સામેલ પૂરસીસ મુજબ કરવાની રહેશે "

| અ.નં. | ટ્રીબ્યુનલની વિગત | બેંકની વિગત |
|---|---|---|
| ૧. | એમ.એ.સી.ટ્રીબ્યુનલ, સુરત | State Bank Of India, Nanpura Branch, Surat.<br>A/c. No.35302851202<br>IFSC :SBIN0001388 |
| ૨. | એમ.એ.સી.ટ્રીબ્યુનલ, બારડોલી | |

ઉપરોક્ત સુચનાં ઉપરાંત નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા ધ્વારા રીટ પીટીશન(સીવીલ) નં.૫૩૪/૨૦૨૦નાં કામે તારીખ ૧૬/૦૩/૨૦૨૧નાં રોજ કરવામાં આવેલ નિર્દેશ અનુસાર સંબંધિત એમ.એ.સી.ટ્રીબ્યુનલને એવોર્ડ જાહેર કરતી વખતે એવોર્ડની રકમની ચુકવણી બાબતે બેંક એકાઉન્ટની વિગતો એવોર્ડમાં સ્પષ્ટપણે દર્શાવવા પણ સૂચનાં આપવામાં આવે છે.

૨. નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા ધ્વારા રીટ પીટીશન(સીવીલ) નં.૫૩૪/૨૦૨૦નાં કામે તારીખ ૧૬/૦૩/૨૦૨૧નાં રોજ કરવામાં આવેલ નિર્દેશ અનુસાર સંબંધિત વકીલશ્રી/પક્ષકાર ધ્વારા મોટર એક્સીડન્ટ ક્લેઈમ પીટીશન તથા વળતર મેળવવા અંગેની અરજી દાખલ કરતી

વખતે, અરજી સાથે, આ સાથે સામેલ સુધારેલ ચેકલીસ્ટ પણ સેન્ટ્રલ ફાઈલીગ કાઉન્ટર, સુરત/એમ.એ.સી.ટ્રીબ્યુનલ, બારડોલી મુકામે રજુ કરવાનું રહેશે. વધુમાં સેન્ટ્રલ ફાઈલીગ કાઉન્ટર, સુરત/એમ.એ.સી.ટ્રીબ્યુનલ, બારડોલી મુકામે ફરજ બજાવતા જવાબદાર કર્મચારીએ ચેકલીસ્ટમાં જણાવેલ વિગતોની ખરાઈ કર્યા બાદ જ અરજી સ્વીકારવાની રહેશે.

૩. સદર હુકમની નકલ જિલ્લા ન્યાયાલય, સુરતની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવા હુકમ કરવામાં આવે છે.

(વિમલ કે. વ્યાસ)
મુખ્ય જિલ્લા ન્યાયાધિશ,
સુરત.

જિલ્લા ન્યાયાલય, સુરત......)
તારીખ : ૨૯–૦૧–૨૦૨૨...)

જા.નં.બી.૧૨૩/ ૩૫ સને ૨૦૨૨.
સવિનય રવાના (ઈન્ટ્રા–મેઈલ/ઈ –મેઈલ મારફત)

૧) જિલ્લા ન્યાયાલય, સુરત તથા તેના તાબાની તમામ કોર્ટો તથા કચેરીઓ.
૨) તમામ ઈન્સ્યુરન્સ કંપનીઓ તરફ (લીસ્ટ મુજબ).
૩) પ્રમુખશ્રી, સુરત જિલ્લા વકીલ મંડળ/સુરત સીટી એડવોકેટ એસોસીએશન, સુરત.
૪) પ્રમુખશ્રી, સુરત જિલ્લાનાં તમામ તાલુકા બાર એસોસીએશન.

તરફ જાણ તથા હુકમનો અમલ કરાવવા સારુ.

હુકમથી,
રજીસ્ટ્રાર,
જિલ્લા ન્યાયાલય, સુરત.

**DISTRICT AND SESSIONS COURT, SURAT**

**M.A.C.T. CASE FILING FORM**

(TO BE FILLED IN ENGLISH CAPITAL LETTERS ONLY)

**APPLICANT'S DETAIL**

**APPLICANT'S NAME :**

**GENDER :** MALE ( ) FEMALE ( ) **AGE : CASTE :**

**FATHER/ MOTHER / HUSBAND NAME :**

**ADDRESS :**

**MOBILE NUMBER : EMAIL ID :**

**NATIONALITY : OCCUPATION :**

**ADVOCATE'S DETAILS : (1) NAME ______________________**

**(2) MOBILE NUMBER______________ (3) ENROLMENT NUMBER ______________**

**APPLICANT'S BANK DETAIL**

**BANK NAME : ACCOUNT NO :**

**BRANCH NAME : IFSC CODE :**

**FIRST PAGE PHOTO COPY OF PASSBOOK : ( )**

**APPLICANT'S AADHAAR CARD NO :**

**APPLICANT'S PERMANENT ACCOUNT NUMBER (PAN) :**

**OPPONENT'S DETAIL**

**NAME :**

**GENDER :** MALE ( ) FEMALE ( ) **AGE : CASTE :**

**FATHER/ MOTHER / HUSBAND NAME :**

**ADDRESS :**

**MOBILE NUMBER : EMAIL ID :**

**NAME OF INSURANCE COMPANY :**

**CASE DETAILS :**

**CLAIM (RS) : FATAL ( ) INJURY ( ) DAMAGE ( )**

**SECTION : INTERIM APPLN : YES/ NO**

**FIR NO : FIR YEAR :**

**DATE OF ACCIDENT : PLACE OF ACCIDENT :**

DATE : / /202

(SIGNATURE )

**FOR OFFICE USE ONLY**

| | |
|---|---|
| CASE TYPE | CASE NUMBER |
| DATE OF FILLING | NEXT DATE |
| | |

જિલ્લા અને સત્ર ન્યાયાલય,
અઠવાલાઈન્સ, સુરત.
(ગુજરાત) – ૩૯૫ ૦૦૭.

એસ.ટી.ડી.કોડ : (૦૨૬૧)
ઈપીએબીએક્સ : ૨૬૫૧૮૦૫–૬–૯–૧૧
ફેક્સ : ૨૬૫૧૮૦૨–૦૪
ઈ–મેઈલ : dcourt-sut@gujarat.gov.in

વંચાણે લીધો : ૧). નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા ધ્વારા રીટ પીટીશન(સીવીલ) નં.૫૩૪/૨૦૨૦નાં કામે તારીખ૧૬/૦૩/૨૦૨૧ તથા તારીખ ૧૬/૧૧/૨૦૨૧ નાં રોજ કરવામાં આવેલ હુકમ.
૨). જિલ્લા ન્યાયાલય, સુરતનો તારીખ ૨૪/૧૨/૨૦૨૧નો કચેરી આદેશ નં.૧૭૮૧/૨૦૨૧.
૩). જિલ્લા ન્યાયાલય, સુરતનો તારીખ ૨૯/૦૧/૨૦૨૧નો કચેરી આદેશ નં.૧૫૬/૨૦૨૨.

**************************

## કચેરી આદેશ નંબર ૧૮૮ સને ૨૦૨૨.

નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા ધ્વારા રીટ પીટીશન(સીવીલ) નં.૫૩૪/૨૦૨૦નાં કામે તારીખ ૧૬/૦૩/૨૦૨૧નાં રોજ કરવામાં આવેલ હુકમમાં જણાવેલ સૂચનાઓને ધ્યાને લઈ અત્રેની કચેરી ધ્વારા ઉપરોક્ત સંદર્ભ નં.૨ થી વંચાણે લીધેલ કચેરી આદેશથી સંબંધિત પક્ષકાર/ઈન્સ્યુરન્સ કંપની ધ્વારા એવોર્ડની રકમ મોટર એકસીડન્ટ ક્લેઈમ ટ્રીબ્યુનલ, સુરત/બારડોલીનાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, નાનપુરા શાખા, સુરત મુકામેનાં બેંક ખાતા નં. 35302851202 (IFSC :SBIN0001388) માં RTGS કે NEFT મારફત જમા કરાવવાની સુચનાં આપવામાં આવેલ હતી, પરંતુ, સદર બેંક એકાઉન્ટ જિલ્લા ન્યાયાલય, સુરત મુકામે નિભાવવામાં આવતુ PLA એકાઉન્ટ છે.

નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા ધ્વારા તારીખ ૧૬/૦૩/૨૦૨૧નાં રોજ કરવામાં આવેલ હુકમમાં જણાવેલ સૂચનાં મુજબ હાલમાં સુરત તથા બારડોલી મુકામે કાર્યરત મોટર એકસીડન્ટ ક્લેઈમ ટ્રીબ્યુનલ ધ્વારા મોટર એકસીડન્ટ ક્લેઈમ પીટીશનનાં કામે કરવામાં આવેલ હુકમ સંદર્ભે વળતર ચૂકવવા અંગેની કાર્યવાહી માટે નવું SAVINGS BANK ACCOUNT ખોલવામાં આવેલ છે. આથી સંબંધિત પક્ષકાર/ઈન્સ્યુરન્સ કંપનીઓએ નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા ધ્વારા તારીખ ૧૬/૦૩/૨૦૨૧નાં રોજ કરવામાં આવેલ હુકમ મુજબ એવોર્ડની રકમ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, નાનપુરા શાખા, સુરત મુકામેનાં બેંક ખાતા નં. 35302851202 (IFSC :SBIN0001388) **ને બદલે મોટર એકસીડન્ટ ક્લેઈમ ટ્રીબ્યુનલ, સુરત તથા બારડોલીનાંએ કરેલ એવોર્ડ મુજબની વળતરની રકમ નીચે જણાવેલ SAVINGS BANK ACCOUNT માં RTGS કે NEFT મારફત જમા કરાવવાની રહેશે** :–

| બેંકની વિગત | | |
|---|---|---|
| Branch | : | State Bank Of India, Nanpura Branch, Surat. |
| A/c. Name | : | Additional District Judge, Surat |
| A/c.No | : | 40750729019 |
| IFSC | : | SBIN0001388 |
| MICR | : | 395002004 |

વધુમાં અત્રેની કચેરીનાં સંદર્ભ નં.૩ થી વંચાણે લીધેલ કચેરી આદેશમાં જણાવ્યા મુજબ મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલનાં સંબંધિત ન્યાયિક અધિકારીશ્રીઓએ એવોર્ડ જાહેર કરતી વખતે, એવોર્ડની રકમની ચુકવણી બાબતે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, નાનપુરા શાખા, સુરત મુકામેનાં બેંક ખાતા નં. 35302851202 (IFSC : SBIN0001388) ને બદલે ઉપરોક્ત બેંક એકાઉન્ટની વિગત એવોર્ડમાં દર્શાવવાની રહેશે.

સદર હુકમની નકલ જિલ્લા ન્યાયાલય, સુરતની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવા હુકમ કરવામાં આવે છે.

જિલ્લા ન્યાયાલય, સુરત......)
તારીખ : ૦૪–૦૨–૨૦૨૨...)

(પી.એસ.કાલા)
ઈ.ચા.મુખ્ય જિલ્લા ન્યાયાધિશ,
સુરત.

જા.નં.બી.૧૨૩/ ૪૮ સને ૨૦૨૨.
સવિનય રવાના (ઈન્ટ્રા–મેઈલ/ઈ –મેઈલ મારફત)

૧) જિલ્લા ન્યાયાલય, સુરત તથા તેના તાબાની તમામ કોર્ટો તરફ (ઈન્ટ્રા–મેઈલ/ઈ–મેઈલ મારફત)
૨) પોલીસ કમિશ્નરશ્રી, સુરત
૩) પોલીસ અધિક્ષકશ્રી, સુરત (રૂરલ)
૪) તમામ ઈન્સ્યુરન્સ કંપનીઓ તરફ (ઈ–મેઈલ મારફત)

તરફ જાણ તથા હુકમનો અમલ કરાવવા સારુ.

હુકમથી,
રજીસ્ટ્રાર,
જિલ્લા ન્યાયાલય, સુરત.